# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. 3-12-2022**

- **કોંગ્રેસ પ્રથમ તબક્કાના મતદાનમાં ૬૫થી વધુ બેઠકો ઉપર જીત હાંસલ કરી રહી છે અને જનતા સમગ્ર ગુજરાતમાં પરિવર્તન ઉત્સવ મનાવીને કોંગ્રેસના લક્ષ્ય 125 બેઠકોને સાર્થક કરી રહી છેઃ ડૉ. રઘુ શર્મા**
- **કોંગ્રેસે ગુજરાતના તમામ જાતિ સમુદાયોના પ્રતિનિધિઓને મુખ્યમંત્રી બનાવ્યા છેઃ શ્રી પવન ખેરા**
- **કોંગ્રેસ મુદ્દાઓની રાજનીતિ લઇને લોકોની વચ્ચે રહી, દ્વારકા ડેક્લેરેશન મુજબ કોંગ્રેસ તેના વચનો માટે પ્રતિબદ્ધ છેઃ શ્રી ભરતસિંહ સોલંકી**
- **ભાજપનો સમગ્ર ઢાંચો તૂટી ગયો છે. બુટલેગરો અને ડ્રગ્સ માફિયા અને મળતિયા અધિકારીઓના જોરે ભ્રષ્ટાચાર ચરમસીમાએ લઇ ગયા છે. કોંગ્રેસ 125થી વધુ બેઠકો જીતી સરકાર બનાવશેઃ શ્રી અર્જુન મોઢવાડીયા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ભવન ખાતે આજે પત્રકાર પરિષદ યોજાઇ. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના સફળ પૂર્વ આરોગ્યમંત્રી ડો. શ્રી રઘુ શર્માજી, ભારતીય રાષ્ટ્રીય કોંગેસ મીડિયા અને પબ્લિસિટી ડિપાર્ટમેન્ટના ચેરમેન શ્રી પવન ખેરાજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી અર્જુનસિંહ મોઢવાડિયા, એ પત્રકાર વાર્તાને સંબોધન કરી હતી.

પત્રકાર પરિષદને સંબોધતા ડો. શ્રી રઘુ શર્માજીને જણાવ્યું હતું કે ગુજરાતની પ્રજા કોંગ્રેસની પડખે છે. પ્રથમ તબક્કાના મતદાનમાં ગુજરાતના લોકો કોંગ્રેસ તરફી પ્રચંડ માત્રામાં મતદાન કર્યું છે. ભાજપ લોકોની આકાંક્ષાઓ પૂરી કરવામાં ખરી નથી ઉતરી. કોંગ્રેસે બૂથ મેનેજમેન્ટ સક્ષમ બનાવી દીધું છે. એક બાજુ રાહુલ ગાંધીજીની ભારત જોડો યાત્રાને સ્વયંભૂ પ્રચંડ જનસમર્થન મળી રહ્યું છે, જ્યારે ગુજરાતમાં ભાજપની સંકલ્પ યાત્રાને નબળો પ્રતિસાદ મળી રહ્યો છે. ભાજપએ તેના બગાવતી નેતાઓને કાઢ્યા, તેનો રોષ તે સ્પષ્ટ દેખાઇ રહ્યો છે. ડબલ એન્જિનની સરકારે ગુજરાતમાં જનાધાર ગુમાવ્યો છે. કોંગ્રેસે લોકોના પ્રશ્નો ઊઠાવ્યા છે. માઝા મુકતી મોંઘવારી, યુવાનોની બેરોજગારીની સમસ્યા, ડ્રગ્સ અને દારૂની બદીઓના પ્રશ્નો સાથે કોંગ્રેસ લોકોની વચ્ચે આવી તેની સામે સતત અવાજ ઉઠાવ્યો. ભાજપએ પ્રજાના મહત્ત્વના પ્રશ્ન સામે લોકોને નિરાશા સિવાય કશું જ નથી આપ્યું. કોંગ્રેસ પ્રથમ તબક્કાના મતદાનમાં 65થી વધુ બેઠકો ઉપર જીત હાંસલ કરી રહી છે. ગુજરાતમાં ભાજપએ ગુજરાતના લોકો માટે કશું જ કર્યું નથી, ખૂદ વડાપ્રધાન અને ગૃહપ્રધાન ગુજરાતના નાના નાના ગામડાઓમાં પ્રચાર માટે ઘુમી રહ્યા છે. ભાજપએ જો ગુજરાતના લોકો માટે કામ કર્યું જ હોત તો આઠ મહિનાથી સતત આવી દોડધામ તેઓને ન કરવી પડત.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે પ્રથમ તબક્કામાં કોંગ્રેસ તરફી ભારે મતદાન થયું. અટલજીના જમાનામાં સાઇનિંગ ઇન્ડિયાનો નારો હતો તે દેખાયો નહીં. ભાજપની તમામ જનસભામાં ખુરશીઓ ખાલી દેખાઇ રહી છે. લોકો ભાજપને જાકારો આપી રહી છે. ઉ. ગુજરાત, મધ્ય ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભાજપને જાકારો મળી રહ્યો છે. કોંગ્રેસ મુદ્દાઓની રાજનીતિ લઇને લોકોની વચ્ચે રહી, દ્વારકા

ડેક્લેરેશન મુજબ કોંગ્રેસ તેના વચનો માટે પ્રતિબદ્ધ છે. મતદારો બીજા તબક્કાના મતદાનમાં મોટી સંખ્યામાં મત આપે તેવી અપીલ કોંગ્રેસ કરીએ છીએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ભાજપ તમામ સ્તરે નિષ્ફળ રહી છે. ગુજરાતના  લોકોને પક્ષના નામે કે ઉમેદવારના નામે મત આપવાને બદલે સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના નામે મત માંગવા ગુજરાતમાં ધામા નાખ્યા છે. કોંગ્રેસ તેના ચૂંટણી પ્રચારમાં સફળ રહી, મુદ્દા આધારિત, મોંઘવારી વિરૂદ્ધની લ઼ડાઇ અને બેરોજગારીના મુદ્દા લઇ લોકો વચ્ચે સતત રહી. ભાજપના નસે નસમાં ભ્રષ્ટ્રાચાર વ્યાપેલો છે. રાજકોટની જે વિજય રૂપાલા, વજુભાઇ વાળા અને ખૂદ નરેન્દ્ર મોદી ચૂંટણી લડ્યા હતા તે બેઠકના ઉમેદવારનું નામ સુદ્ધાં ગુજરાતના સીએમ ભૂપેન્દ્રભાઇ પટેલને જ ખબર નથી. તમામ બેઠકો પર કોંગ્રેસનું પલ્લું ભારે છે. ભાજપમાં અહંકાર, ઘમંડ વ્યાપેલો છે. મોદીના રોડ શો શું સંદેશ આપવા માંગે છે? શું રોડ શોથી સરકાર પોતાની વાત કહેવા માંગે છે!!! ભાજપનો સમગ્ર ઢાંચો તૂટી ગયો છે. બુટલેગરો અને ડ્રગ્સ માફિયા અને મળતિયા અધિકારઓના જોરે ભ્રષ્ટાચાર ચરમસીમાએ લઇ ગયા છે. કોંગ્રેસ 125થી વધુ બેઠકો જીતી સરકાર બનાવશે.

શ્રી પવન ખેરાજીએ જણાવ્યું હતું કે દિલ્હીમાં પીએમ ઓફીસમાં તાળું મારેલું છે, નાના ભાઇની  ઓફીસે પણ તાળું મારેલું છે. નાનાભાઇ તેના દિકરાને ક્રિકેટ બોર્ડનું સર્વોચ્ચ પદ આપી દીધું છે. ગુજરાતમાં લોકોના કોઇ કામો થયા નથી, તેથી જ છેલ્લા કેટલાય મહિનાથી નાનાભાઇ અને મોટાભાઇએ ગુજરાતમાં ધામા નાંખ્યા છે.

આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતા અખિલ ભારતીય કોંગ્રેસ મીડિયા સમિતિના અધ્યક્ષ શ્રી પવન ખેરાજીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનતાની સાથે અવ્યવહારુ અને અત્યાચારી પરિપત્ર રદ કરી ચાલીસ વર્ષ પૂર્વેની એટલે કે 1981થી 2001 સુધીની જે મિલકતો એલોટમેન્ટ લેટર અથવા શેર સર્ટિફિકેટ દ્વારા વખતો વખત ટ્રાન્સફર થઇ હશે તેના ઉપર કોઇ સ્ટેમ્પ ડ્યૂટી કે સ્ટેમ્પ ડ્યૂટી પર દંડ વસૂલ કરવામાં નહી આવે. આમ  ગુજરાતની શહેરી વિસ્તારોની જનતાને કરોડો રૂપિયાની ભરવી પડતી અણઘડ વહિવટની કારણે ઉઘરાવાતી સ્ટેમ્પ ડ્યૂટી માંથી મુક્તિ મળશે, અને ગુજરાતી જનતાના કરોડો રૂપિયા બચશે જે આ વધતી જતી મોંઘવારીને પહોંચી વળવા આશા ના કિરણ સમાન બની રહેશે. કોંગ્રેસ હંમેશા વ્યવહારુ અને માનવીય અભિગમના કાયદા બનાવે છે. પ્રજાને કનડગત અને હેરાન થતા કાયદા બનાવી ભાજપ સરકારે ગુજરાતની જનતાના કરોડો રૂપિયા લૂંટ્યા છે. કોંગ્રેસની સરકાર આપના એક મતથી ગુજરાતની જનતાના કરોડો રૂપિયા બચાવશે. કોંગ્રેસે ગુજરાતના તમામ જાતિ સમુદાયોના પ્રતિનિધિઓને મુખ્યમંત્રી બનાવ્યા છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર વાર્તામાં , ગુજરાત વિધાનસભા ચૂંટણીના મીડિયા પ્રભારી શ્રી આલોક શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સહપ્રભારીશ્રી રામકિશન ઓઝાજી, શ્રી બી.એમ. સંદિપજી, ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી, બિમલ શાહ, ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર,   અને પ્રદેશ અગ્રણીશ્રી સંજયભાઇ અમરાની (રીટાયર્ડ આઇ.એ.એસ.), મીડીયા કો-કન્વિનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ તેમજ પ્રવક્તા ડૉ. અમીત નાયક, શ્રી હિરેન બેન્કર ઉપસ્થિત રહ્યાં હતાં.

-------------------------------------------------------------------------------------

- **નાગરિકો પાસેથી સ્ટેમ્પ ડ્યુટીના નામે થઈ રહેલી કરોડો રૂપિયાની લૂંટમાંથી મુક્તિ માટે કોંગ્રેસ પક્ષ સરકાર બનતાની સાથે જ સ્ટેમ્પ ડ્યુટી  - સ્ટેમ્પ ડ્યુટી દંડ વસુલવાનો અવિચારી નિર્ણય- પરિપત્રને તાત્કાલીક અસરથી રદ કરશેઃ શ્રી પવન ખેરા**

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતા અખિલ ભારતીય કોંગ્રેસના મીડિયા અને પબ્લિસીટી ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી પવન ખેરાજીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનતાની સાથે અવ્યવહારુ અને અત્યાચારી પરિપત્ર રદ કરી ચાલીસ વર્ષ પૂર્વેની એટલે કે 1981 થી 2001 સુધીની જે મિલકતો એલોટમેન્ટ લેટર અથવા શેર સર્ટિફિકેટ દ્વારા વખતો વખત ટ્રાન્સફર થઇ હશે તેના ઉપર કોઇ સ્ટેમ્પ ડ્યૂટી કે સ્ટેમ્પ

ડ્યૂટી પર દંડ વસૂલ કરવામાં નહી આવે. આમ ગુજરાતની શહેરી વિસ્તારોની જનતાને કરોડો રૂપિયાની ભરવી પડતી અણઘડ વહિવટની કારણે ઉઘરાવાતી સ્ટેમ્પ ડ્યૂટી માંથી મુક્તિ મળશે, અને ગુજરાતી જનતાના કરોડો રૂપિયા બચશે જે આ વધતી જતી મોંઘવારીને પહોંચી વળવા ઉપલબ્ધ બનશે. કોંગ્રેસ હંમેશા વ્યવહારુ અને માનવીય અભિગમના કાયદા બનાવે છે. પ્રજાને કનડગત અને હેરાન થતા કાયદા બનાવી ભાજપ સરકારે ગુજરાતની જનતાના કરોડો રૂપિયા લૂંટ્યા છે. કોંગ્રેસની સરકાર આપના એક મતથી ગુજરાતની જનતાના કરોડો રૂપિયા બચાવશે.

ગુજરાત સરકારે સહકારી મંડળી કાયદો-1961 મુજબ નોંધાયેલ ગૃહમંડળીઓ પોતાના સભ્યો ને મિલ્કતનું એલોટમેન્ટ કરે, તો તે એલોટમેન્ટ લેટર/શેર સર્ટિફિકેટ તારીખ 27-5-1982 પહેલાં સ્ટેમ્સ ડ્યૂટી ભરપાઇ કરવા કે રજીસ્ટ્રેશન કરવા પાત્ર બનતું ન હતું. પરંતુ તારીખ 27-5-1982ના રોજ સહકારી મંડળીના કાયદા-1961ના અધિનિયમ-42 અંતર્ગત સ્થાવર મિલકત બાબતે શેરની તબદિલ થઇ હોય, તે રજીસ્ટ્રેશન કાયદા-1908 હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાપાત્ર બનાવલે છે. જે મુજબ ગુજરાત સ્ટેમ્પ એક્ટ, 1958ની અનિસૂચિ–1ના આર્ટિકલ-20 મુજબ સુધારો કરી ક્લોઝ-20(બી) તારીખ 12-5-1982થી દાખલ કરવામાં આવેલ. જે મુજબ સોસાયટીના સભ્યો ને થતી પ્રથમ ફાળવણી તેમજ ત્યારબાદ સભ્યો-સભ્યો વચ્ચેના વહેવારો સ્ટેમ્પ ડ્યૂટી ભરવા પાત્ર થયેલ. પરંતુ વર્ષ 2001 સુધી આવી પ્રથમ એલોટમેન્ટ પર કોઇ સોસાયટી અને બિલ્ડર્સને કાયદાની જાણ ન હોવાથી ભરપાઇ કરી નથી. ત્યાર બાદ તારીખ 1-9-2001થી ગુજરાત સરકાર દ્વારા કાયદો પસાર કરી આવી તબદિલી સ્ટેમ્પ અને નોંધણી પાત્ર કરી હતી. ત્યાર બાદ આશરે વીસ વર્ષના ગાળા બાદ સુપ્રિન્ટટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પની કચેરી દ્વારા તા. 13-7-2021ના રોજ પરિપત્ર જાહેર કરી 1982 થી 2001ની વચ્ચે એલોટ થયેલી મિલકતોના પહેલા-બીજ-ત્રીજા કે તેથી વધુ તબદિલીઓ ઉપર ચાલીસ વર્ષ પહેલાના કાયદો પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી ભરવા આદેશ કરેલો છે. વર્ષ 1982થી 2001 સુધી આવી પહેલા-બીજ-ત્રીજા કે તેથી વધુ તબદિલીઓના દસ્તાવેજો પર નાયબ કલેક્ટરશ્રી સ્ટેમ્પ ડ્યૂટી કચેરી, સુપ્રિન્ટટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ દ્વારા દસ્તાવેજો મંજૂર કરેલા છે પરંતુ સ્ટેમ્પ ડ્યૂટી કલેક્ટ કરી નથી. તેથી એ સાબિત થાય છે કે તેઓ વર્ષ 1982ના કાયદાકીય ફેરફારથી માહિતગાર ન હતા. તો પ્રજા કેવી રીતે થાય. ગુજરાત હાઇકોર્ટ દ્વારા આપેલ ચુકાદામાં પણ સરકાર છ વર્ષ પહેલાંની સ્ટેમ્પ ડ્યૂટી વસૂલ કરી શકતી નથી, તેમ છતાં ભાજપ સરકાર દ્વારા પાછલી અસરથી કાયદો અમલી બનાવી સ્ટેમ્પ ડ્યૂટી વસૂલ કરી છે. આમ લિમિટેશન એક્ટનું પણ ઉલ્લંઘન થાય છે. આ ઉપરાંત પડતા પર પાટું–સ્ટેમ્પ ડ્યૂટી ના અંધેર વહીવટના કારણે જુના એલોટમેન્ટ લેટર પર સ્ટેમ્પ ડ્યુટી ઉપરાંત 10થી 25 ટકાનો દંડ વસૂલ કરાયેલ છે. આ ઉપરાંત કેન્દ્રના એકાઉન્ટન્ટ જનરલે સ્ટેમ્પ ડ્યૂટી અને દંડ વસૂલવાનો આદેશ કર્યો નથી. અત્યાર સુધી સ્ટેમ્પ કચેરીએ રૂ. 3500 કરોડથી વધુ રકમ ગુજરાતની જનતા પાસેથી વસૂલી લીધી હોવાનું બિનસત્તાવરા સૂત્રો તરફથી જાણવા મળી રહ્યું છે. તેના ઉપરથી એવું તારણ કાઢવામાં આવી રહ્યું છે કે ગુજરાત સરકારના સુપ્રિન્ટટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ દ્વારા જૂના એલોટમેન્ટ લેટર ઉપર સ્ટેમ્પ ડ્યૂટી અને દંડ ગેરકાયદે વસૂલ કરી રહ્યા છે. રાજ્યના નાગરિકો પાસેથી સ્ટેમ્પ ડ્યુટીના નામે થઇ રહેલી કરોડો રૂપિયાની લૂંટમાંથી મુક્તિ મેળવવા માટે કોંગ્રેસ પક્ષ સરકાર બનતાની સાથે જ આ સ્ટેમ્પ ડ્યુટી - સ્ટેમ્પ ડ્યુટી દંડ વસુલવાનો અવિચારી નિર્ણય-પરિપત્રને તાત્કાલીક અસરથી રદ કરશે.

હેમાંગ રાવલ
કો-કન્વિનર - પ્રવક્તા
મો. 9898233038